# <u>એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નંઃ૨૫,અમદાવાદ.</u>

ક્રિ.કેસ નં. **69396 /20**

આંકઃ_____

ફરીયાદીઃ સરકારશ્રી

વિરુધ્ધ

આરોપીઃ કરણ રમેશભાઈ ભટ્ટ

કલમઃ એમ.વી.એક્ટ કલમ-**૧૮૫.**

**<u>ઠરાવ</u>**

૧. ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપીએ જાહેર રોડ ઉપર વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં પોતાનું વાહન હંકારી એમ.વી.એક્ટ-૧૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

૨. આરોપી આજ રોજ કોર્ટ સમક્ષ હાજર રહેતા આરોપીને ચાર્જશીટના પેપર્સ આપવામાં આવેલ છે અને આરોપીની પ્લી લેતા તેણે સદર ગુન્હાની કબુલાત કરેલ છે. જેથી આરોપીની ગુના કબુલાત અંગે તેને કસુરવાન ઠેરવ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. પરંતુ આરોપી તેના ગુન્હાનો અહેસાસ કરે છે અને ભવિષ્યમાં ફરી આવો ગુન્હો નહી કરે તેવી બાંહેધરી આપે છે, ત્યારે આરોપી ના સંજોગો નીગાહે લેવામા આવેછે અને સુધરવાની તક આપવા માટે સખ્ત સજા નહી કરતા દંડની સજા ફરમાવવાના નિષ્કર્ષ ઉપર આ અદાલત આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવેછે.

**હુકમ**

એમ.વી.એક્ટ કલમ -૧૮૫ ના ગુન્હા માટે સીઆરપીસી કલમ-૨૫૨ અન્વયે તકસીરવાન ઠેરવવામા આવેછે અને આરોપીને રૂ.૧૦૦૦/- અંકે રૂપીયા એક હજાર પુરાનો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવામા આવેછે.જો દંડ ન ભરે તો દિન ૨૦ની સજા કરવામા આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

**(એ. આર. પટેલ)**

અમદાવાદ.

તા.૧૦/૦૭/૨૦૨૧

એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ

કોર્ટ નં.૨૫, અમદાવાદ.

(**Code No**.**GJ00710**)